Ref.(IT) No. 05 of 2012
Judgment- Ex-79

ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ (આઈ.ટી.) નં.૦૫/૨૦૧૨

આંક–૭૯

પ્રથમ પક્ષકાર :– માનદમંત્રીશ્રી,
સંજીવની હોસ્પિટલ,
(સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચલથાણ)
મુ.પો.ચલથાણ, તા.પલસાણા,જી.સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલના તમામ કામદારોના
યુનિયન પ્રતિનિધિ તરીકે...
સુરત લેબર યુનિયન (રજી નં.જી.૧૦૫૦)
ઠે.૧૧૧, ડો.આંબેડકર શોપીંગ સેન્ટર,
માન દરવાજા, રીંગ રોડ, સુરત.

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી જે.બી.જરીવાલા
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધીશ્રી ડી.કે.પીપરોડીયા

::– એ વો ર્ડ –::

(૧) હાલનો રેફરન્સ શ્રમ આયુકત(ગુ.રા.) ગાંધીનગર ધ્વારા તેમના તા.૧૬/૦૨/૨૦૧૨ ના હુકમ ક્રમાંકઃ કેએચએએચએમસી/૩૯૪૨૦/૫/૨/આઈડીઆર/એજે/૧૭/૧૨ થી હુકમની અનુસુચિમાં દર્શાવેલ બાબત મુજબની ઔદ્યોગિક તકરારનો ન્યાય નિર્ણય કરવા અત્રેના ઔદ્યોગિક ન્યાય પંચને સુપ્રત કરવામાં આવેલ છે.

::– અનુસુચિ –::

સંસ્થામાં કામ કરતા કામદારોને સને–૨૦૦૪ તથા ૨૦૦૫ તથા સને ૨૦૦૫ તથા ૨૦૦૬ તથા સને ૨૦૦૬ તથા ૨૦૦૭ તથા સને ૨૦૦૭ તથા ૨૦૦૮ તથા સને ૨૦૦૮ તથા ૨૦૦૯ તથા સને ૨૦૦૯ તથા ૨૦૧૦ તથા સને ૨૦૧૦ તથા ૨૦૧૧ ના કુલ–૭ વર્ષના બાકી બોનસના નાણાં વ્યાજ સાથે ચુકવી આપવા કે કેમ ?

(૨) આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર તરફથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા તમામ કામદારો/કર્મચારીઓ જે યુનિયનના સભ્યો છે તે તમામ કામદારો–કર્મચારીઓ માટે સને–૨૦૦૪ તથા ૨૦૦૫ તથા સને ૨૦૦૫ તથા ૨૦૦૬ તથા સને ૨૦૦૬ તથા ૨૦૦૭ તથા સને ૨૦૦૭ તથા ૨૦૦૮ તથા સને ૨૦૦૮ તથા ૨૦૦૯ તથા સને ૨૦૦૯ તથા ૨૦૧૦ તથા સને ૨૦૧૦ તથા ૨૦૧૧ ના કુલ–૭ વર્ષના બાકી બોનસના નાણાં વ્યાજ સાથે ચુકવી આપવા અંગેનું માંગણી પત્રક સંસ્થાને રવાના કરવામાં આવેલ પરંતુ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની બોનસ અંગેની માંગણી આજદીન સુધી સ્વિકારેલ ન હોઈ તે બાબતે માંગણા નિવેદન રજુ કરેલ છે. ઉપરોકત માંગણી કરેલ ત્યારે યુનિયનના તમામ કામદારો/કર્મચારીઓ કાયમી અને સળંગ કામદારની હેસિયતથી નોકરીની ફરજો બજાવતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા તમામ કામદારો/કર્મચારીઓનું પ્રતિનિધિત્વ ધરાવતું એક માત્ર અને બહુમતી ધરાવતું યુનિયન છે અને ભારતીય ટ્રેડ યુનિયન એકટની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ યુનિયન છે. પ્રથમ પક્ષકાર સંસ્થા હોસ્પિટલ, ઉદ્યોગ છે અને નફો કરતી સંસ્થા છે. જેમાં અંદાજે ૧૦૦ થી વધુ કામદારો કામ કરી રહેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટ–૧૯૪૭, બોનસ ધારો–૧૦૬૫, ફેકટરી એકટ તથા લઘુત્તમ વેતન ધારો લાગુ પડે છે. જે તમામ કાયદાઓનો અમલ કરવાની પ્રથમ પક્ષકારની કાયદેસરની ફરજ તથા જવાબદારી છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં લગભગ ૧૦૦ થી ૧૫૦ દર્દીના પલંગ છે તેમજ સ્પેશ્યલ રૂમ તથા એ.સી.રૂમો વગેરે અનેક રૂમ આવેલા છે. આ રૂમોનું મોટા પ્રમાણમાં ભાડુ લેવામાં આવે છે અને દવા–સારવારનો મોટા પ્રમાણમાં ચાર્જ પણ લેવામાં આવે છે અને ઓપરેશનનો તથા અન્ય ખર્ચાઓ પણ દર્દીઓ પાસેથી લેવામાં આવે છે. જેનાથી સંસ્થાને મોટા પ્રમાણમાં નફો થાય છે. સંસ્થાનો પોતાનો મેડીકલ સ્ટોર છે અને દવા–સાધનો વેચીને પણ નફો કરે છે. પ્રથમ પક્ષકાર હોસ્પિટલને દર માસે રૂ.૫૦ થી ૬૦ લાખ રૂપિયાની આવક થાય છે અને દર માસના બધા ખર્ચા બાદ કરી લાખો રૂપિયાનો નફો થાય છે. આ સંસ્થા આવક જાવકના દર વર્ષે બે ચોપડા બનાવી ઓડિટ કરાવે છે. આ સંસ્થા ગુજરાત રાજયના આરોગ્ય અને કલ્યાણ વિભાગ, ગાંધીનગર તરફથી દર વર્ષે રૂ.૮૦ લાખથી વધુ નાણાંકીય ગ્રાન્ટ મેળવે છે. કામદારોને કુલ–૭ વર્ષના બોનસના નાણાં આપવા બાબતે નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં તા.૨૮/૦૯/૨૦૧૧ ના

રોજની લેખિત ફરિયાદ કરવામાં આવેલ. જે અંગે સરકારી શ્રમ અધિકારીશ્રીએ બોનસ એકટ હેઠળ ફોજદારી કેસ દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નફાના હેતુથી હોસ્પિટલ ચલાવે છે અને સદર સંસ્થાએ બોનસ ચુકવવામાંથી કોઈ મુકિત કાયદામાં આપવામાં આવેલ નથી અને તે અંગેનું પ્રથમ પક્ષકાર સંસ્થા માટેનું કોઈ નોટીફીકેશન પણ અસ્તિત્વમાં નથી. કુલ–૭ વર્ષના બોનસના નાણાં ચુકવેલ નથી તેમ છતાં બોગસ લખાણો અને કાગળો ઉભા કરી તે પ્રકારની ચુકવણી કરેલ હોવાનું જણાવતા આવેલ છે. ચોપડાઓમાં નુકશાન બાબતે ખોટી એન્ટ્રીઓ પાડી હોસ્પિટલ ખોટમાં ચાલે છે તેવું રેકર્ડ પર દર્શાવતા આવેલા છે. પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં કામ કરતા તમામ કામદારો/કર્મચારીઓને પગાર વધારો કે મોંઘવારી ભથ્થાના લાભો આપતા નથી. પગાર વધારાની ડીમાન્ડ પણ ઔદ્યોગિક અદાલત સમક્ષ પડતર છે. પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકાર કામદારો/કર્મચારીઓને કુલ–૭ વર્ષના બાકી બોનસના નાણાં ૧૮% વ્યાજ સહિત ચુકવી આપે તેવો હુકમ ફરમાવશોજી.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૪ થી માંગણા નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, યુનિયન સાથે કામદારો ન હોઈ આવી કોઈ ડીમાન્ડ યુનિયન રજુ કરી શકે નહી. કન્સીલીએશન પ્રોસિડીંગ વખતે પણ યુનિયને સંબંધીત કામદારો સંબંધી કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી. આ અંગેનો વાંધો, હરકત, તકરાર જે તે સમયે પ્રથમ પક્ષકારે લીધેલી. તેમ છતાં આ રેફરન્સ કરવામાં આવેલ છે. જે કાયદેસરનો નથી અને રદ થવાને પાત્ર છે. યુનિયને તેઓના કોઈ પુરાવા રજુ કરેલ નથી અને સદર યુનિયન કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું નથી. જેથી માંગણી કાયદેસરની નથી. ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ ડીમાન્ડ રેફરન્સ(આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ હાલ ચાલુ છે એટલે કે વિવાદ સબજયુડીસ છે અને તેમાં બીજા પક્ષકાર યુનિયન પક્ષકાર છે. ગુજરાત સંઘર્ષ કામદાર સેના યુનિયન પક્ષકાર હતું, હાલ સર્વોદય લેબર યુનિયન એક પક્ષકાર તરીકે છે. ગુજરાત સંઘર્ષ કામદાર સેના યુનિયને કામદારો/કર્મચારીઓ અંગે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબ સમાધાન/કરાર કરેલા છે. રેફરન્સના મુળ પક્ષકાર કામદારોએ સંસ્થા સાથે તા.૨૨/૦૧/૨૦૦૮ ના રોજ કરાર કરેલ છે. સંસ્થાના કામદારો/કર્મચારીઓ સાથે થયેલ કરાર હાલ અમલમાં છે. જેમાં બોનસનો મુદ્દો પણ રજુ કરવામાં આવેલ છે. જેથી માંગણાનું નિવેદન ગેરકાયદેસર, ગેરવાજબી અને નિરર્થક છે. ગુજરાત સંઘર્ષ

કામદાર સેના યુનિયન પણ આ કામમાં એક પક્ષકાર તરીકે જોડવાની જરૂર છે. આ કામમાં યુનિયન તરફે જે પુર્વ ભુમિકા રજુ કરવામાં આવેલ છે તે ખોટી, ગેરવાજબી, ગેરકાયદેસરની અને આધાર પુરાવા વગરની છે. આ તમામ હકીકતો કેવળ આક્ષેપ છે જેને કાયદાનું કે હકીકતનું સમર્થન નથી. ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીનું કુલ–૭ વર્ષનું બોનસ ચુકવવાનું પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સંસ્થાએ અધિક શ્રમ આયુકત, ગુજરાત રાજય, ગાંધીનગરને બોનસ પ્રથામાં મુકિત આપવા માટેની નોટીફીકેશન મેળવવા બાબત અરજી કરેલ. જેના પ્રત્યુત્તર રૂપે અધિક શ્રમ આયુકત, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ શ્રઆ.૭/પીબીએ/૦૪/૩૮–૧૧/૧૪૫૫ તા.૧૪/૦૬/૨૦૧૦ થી મુકિત આપવા બાબતનું કોઈ નોટીફીકેશન બહાર પડેલ નથી તેવું જણાવવામાં આવેલ અને સાથે બોનસ કાયદાની કલમ–૩૨(વી)ની નકલ મોકલવામાં આવેલી. તે મુજબ હોસ્પિટલ, ચેમ્બર ઓફ કોમર્સ અને વેલફેર સોસાયટી કે જેનો ઉદ્દેશ નફાનો ન હોય તેને સદર કાયદાની કલમ–૩૨ લાગુ પાડી શકાય નહી. પ્રથમ પક્ષકાર સંસ્થા સંજીવની હોસ્પિટલ એ સંજીવની આરોગ્ય ટ્રસ્ટ, ચલથાણના નેજા હેઠળ આરોગ્ય માટેની સેવાઓ તથા વેલફેર માટેની સેવાઓ આપે છે. આ સંજોગોમાં પણ કાયદો લાગુ પાડી શકાતો નથી. આ કામના યુનિયન તરફે માંગણી સાથે કોઈ કામદારો/કર્મચારીઓ યુનિયનના સભાસદ હોવા બાબતની રજુઆત નથી, પુરાવાઓ નથી, દસ્તાવેજો રજુ કરેલા નથી કે એફીડેવીટ કે ડેકલેરેશન પણ રજુ થયેલ નથી. જે લીસ્ટ રજુ કરવામાં આવેલ છે તે સ્વયંમ સ્પષ્ટ સંજીવની હોસ્પિટલમાં કામ કરતા કામદારો/કર્મચારીઓના નામાવલી લીસ્ટમાં યુનિયનના સભાસદ બાબતની પુષ્ટી થતી નથી. આમ, હકીકત જોતાં અધિકાર વગરનું માંગણા નિવેદન હોઈ માંગણાનું નિવેદન યોગ્ય ખર્ચ સાથે રદ કરવા હુકમ ફરમાવશોજી.

(૪) બીજા પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

::– મૌખિક પુરાવો –::

(૧) આંક–૩૦ થી મુકેશભાઈ ખુશાલભાઈ મિસ્ત્રીની સરતપાસનું સોગંદનામું.

(૨) આંક–૪૩ થી એસ.જી.નાયકની સરતપાસનું સોગંદનામું.

::– દસ્તાવેજી પુરાવો –::

(૧) નિ.૨૭/૧ થી મુકેશભાઈ ખુશાલભાઈ મિસ્ત્રીની ડીસે–૦૪ ની પગાર સ્લીપ.

(૨) નિ.૩૯/૧ થી સરકારી શ્રમ અધિકારીએ યુનિયન પ્રમુખને આપેલ જવાબની ઝેરોક્ષ નકલ.

(૩) આંક–૪૪ થી સાહેદ સમન્સ અન્વયે દસ્તાવેજો રજુ કરતા હોવાનો સાહેદનો રીપોર્ટ.

(૪) આંક–૪૬ થી તા.૧૭/૦૩/૧૧ ના રોજની બોનસ ચુકવણી અધિનિયમ હેઠળની તપાસ નોંધની ઝેરોક્ષ નકલ.

(૫) આંક–૪૭ થી તા.૧૭/૦૩/૧૧ ના રોજના સંસ્થાના નિવેદન, સંસ્થાએ રજુ કરેલ લેબોરેટરી ટેસ્ટના ચાર્જીસ તથા મુખ્ય ટેસ્ટના ચાર્જીસની ઝેરોક્ષ નકલ.

(૬) આંક–૪૮ થી લેબર યુનિયન સુરતની બોનસની માંગણી અંગેની કાર્યવાહીનો તા.૩૧/૦૩/૧૧ ના રોજ સરકારી શ્રમ અધિકારીશ્રીએ કરેલ જવાબની ઝેરોક્ષ નકલ.

(૭) આંક–૪૯ થી સંજીવની હોસ્પિટલને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહેલ હોવાની જાણ કરતા સરકારી શ્રમ અધિકારીશ્રીના તા.૦૪/૦૪/૧૧ ના પત્રની ઝેરોક્ષ નકલ.

(૮) આંક–૫૦ થી સંજીવની હોસ્પિટલ સામે બોનસ ચુકવણી અધિનિયમના ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા સરકારી શ્રમ અધિકારી સુરતને શ્રમ આયુકત, ગુજરાત રાજય ધ્વારા કરવામાં આવેલ તા.૨૨/૦૭/૧૧ ના રોજના હુકમની ઝેરોક્ષ નકલ.

(૯) આંક–૫૧ થી સંજીવની હોસ્પિટલના પ્રમુખ અશોકભાઈ વિરૂઘ્ધ બોનસ ચુકવણી અધિનિયમના ભંગ બદલ દાખલ કરેલ ફોજદારી કેસ નં.૨૬૮૧/૧૧ ની ઝેરોક્ષ નકલ.

(૧૦) નિ.૫૨/૧ અને નિ.૫૯/૧ થી સંજીવની હોસ્પિટલ વિરૂઘ્ધ બોનસ ચુકવણી અધિનિયમ હેઠળ દાખલ કરેલ ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ની ફરિયાદની ઝેરોક્ષ નકલ.

(૧૧) નિ.૫૯/૨ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે સંસ્થાના ચેરમેન શ્રી હિતેશ કે.પટેલ ઉપર કોર્ટે કાઢેલ સમન્સની પ્રમાણિત નકલ.

(૧૨) નિ.૫૯/૩ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે સંસ્થાના સેક્રેટરી શ્રી ભરતભાઈ પટેલ ઉપર કોર્ટે કાઢેલ સમન્સની પ્રમાણિત નકલ.

(૧૩) નિ.૫૯/૪ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે સંજીવની હોસ્પિટલ ઉપર કોર્ટે કાઢેલ સમન્સની પ્રમાણિત નકલ.

(૧૪) નિ.૫૯/૫ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ વકીલ પત્રની પ્રમાણિત નકલ.

(૧૫) નિ.૫૯/૬ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે રજુ થયેલ મુદત અરજીની પ્રમાણિત નકલ.

(૧૬) નિ.૫૯/૭ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે શ્રી ભરતભાઈ પટેલ વિરૂધ્ધ કાઢવામાં આવેલ વોરંટની પ્રમાણિત નકલ.

(૧૭) નિ.૫૯/૮ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે ભરતભાઈ પટેલના જામીન વિજયકુમારના જામીન ખતની પ્રમાણિત નકલ.

(૧૮) નિ.૫૯/૯ થી ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલના જામીન થનાર વિજયકુમાર છોટુભાઈ ઉમરીયાના વેરા બીલની ઝેરોક્ષ.

(૧૯) નિ.૫૯/૧૦ થી ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલના જામીન થનાર વિજયકુમાર છોટુભાઈ ઉમરીયાના આધારકાર્ડની ઝેરોક્ષ.

(૨૦) નિ.૫૯/૧૧ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે શ્રી હિતેશભાઈ કે. પટેલ વિરૂધ્ધ કાઢવામાં આવેલ વોરંટની પ્રમાણિત નકલ.

(૨૧) નિ.૫૯/૧૨ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે હિતેશભાઈ કે. પટેલના જામીન પ્રવિણભાઈના જામીન ખતની પ્રમાણિત નકલ.

(૨૨) નિ.૫૯/૧૩ થી હિતેશભાઈ પટેલના જામીન થનાર પ્રવિણભાઈના વેરા બીલની ઝેરોક્ષ.

(૨૩) નિ.૫૯/૧૪ થી હિતેશભાઈ પટેલના જામીન થનાર પ્રવિણભાઈના આધારકાર્ડની ઝેરોક્ષ.

(૨૪) નિ.૫૯/૧૫ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપી નં.૧ સંજીવની હોસ્પિટલની રેકર્ડ કરવામાં આવેલ પ્લીની પ્રમાણિત નકલ.

(૨૫) નિ.૫૯/૧૬ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપી નં.૨ ખુશાલભાઈની રેકર્ડ કરવામાં આવેલ પ્લીની પ્રમાણિત નકલ.

(૨૬) નિ.૫૯/૧૭ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપી નં.૩ ઈશ્વરભાઈની રેકર્ડ કરવામાં આવેલ પ્લીની પ્રમાણિત નકલ.

(૨૭) નિ.૫૯/૧૮ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે ભરતભાઈ પટેલે રજુ કરેલ આધારકાર્ડની પ્રમાણિત નકલ.

(૨૮) નિ.૫૯/૧૯ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે હિતેશભાઈ પટેલે રજુ કરેલ આધારકાર્ડ અને પાનકાર્ડની પ્રમાણિત નકલ.

(૨૯) નિ.૫૯/૨૦ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે ફરિયાદી ઉપર કોર્ટે કાઢેલ સમન્સની પ્રમાણિત નકલ.

(૩૦) નિ.૫૯/૨૧ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપીઓ તરફે રજુ થયેલ મુદત અરજીની પ્રમાણિત નકલ.

(૩૧) નિ.૫૯/૨૨ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપીઓ તરફે રજુ થયેલ મુદત અરજીની પ્રમાણિત નકલ.

(૩૨) નિ.૫૯/૨૩ થી ફોજદારી કેસ નં.૭૨૬/૨૩ ના કામે આરોપીઓ તરફે રજુ થયેલ મુદત અરજીની પ્રમાણિત નકલ.

(૩૩) નિ.૫૯/૨૪ થી રેફ.(આઈ.ટી.)નં.૨૨/૦૫ ના કામે પ્રથમ પક્ષકાર તરફેના સાહેદની આંક–૬૮ થી રેકર્ડ કરવામાં આવેલ જુબાનીની પ્રમાણિત નકલ.

બીજા પક્ષકાર તરફે આંક–૫૩ થી તેઓનો પુરાવો બંધ કરતા હોવા અંગેની પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

::– મૌખિક પુરાવો –::

(૧) આંક–૫૮ થી દેવાંગ ગુણવંતભાઈની સરતપાસનું સોગંદનામું.

::– દસ્તાવેજી પુરાવો –::

(૧) નિ.૧૫/૧ થી અધિક શ્રમ આયુકત, ગુજરાત રાજય, ગાંધીનગર ધ્વારા સેક્રેટરીશ્રી, સંજીવની હોસ્પિટલને ઉદૃેશીને લખવામાં આવેલ પત્રની ઝેરોક્ષ.

(૨) નિ.૨૧/૧ થી સંજીવની આરોગ્ય ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં યોગ્ય રીતે નોંધવામાં આવેલ હોવા અંગેના દાખલાની ઝેરોક્ષ.

(૩) નિ.૨૧/૨ થી સંજીવની આરોગ્ય ટ્રસ્ટ મંડળીઓની નોંધણી બાબતના અધિનિયમ અન્વયે યોગ્ય રીતે નોંધવામાં આવેલ હોવા અંગેના દાખલાની ઝેરોક્ષ.

(૪) આંક–૬૧ થી સંસ્થાના મેમોરેન્ડમ ઓફ એસોસીએશનની ખરી નકલ.

(૫) નિ.૨૧/૪ થી સંસ્થાના મિલકત અંગેના રજીસ્ટર (ગામ નમુનો–૭ અને ૧૨ તથા ગામ નમુનો ૮–અ) ની ઝેરોક્ષ નકલો.

(૬) નિ.૨૧/૫ થી સંસ્થાના હિસાબી વર્ષ–૨૦૦૮, ૨૦૦૯ તથા ૨૦૧૦ ના વાર્ષિક આવક જાવક ખર્ચ અંગેના ઓડીટ થયેલા હિસાબોની ઝેરોક્ષ નકલો.

(૭) નિ.૨૧/૬ થી સંસ્થાના સરકાર ધ્વારા કરવામાં આવેલ ઓડીટ રીપોર્ટની ઝેરોક્ષ.

(૮) નિ.૩૨/૧ થી ૩૨/૬ થી સંજીવની હોસ્પિટલના સને–૨૦૦૪–૦૫, ૨૦૦૫–૦૬, ૨૦૦૬–૦૭, ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ ના વર્ષના વાર્ષિક અહેવાલ.

પ્રથમ પક્ષકાર તરફે આંક–૭૫ થી તેઓ તરફે સાક્ષી તપાસવા માંગતા ન હોવા અંગેની પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૬) બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી ડી.કે.પીપરોડીયાની મુખ્યત્વે દલીલ એવી છે કે, હાલના વિવાદ સંબંધે થયેલ કન્સીલીએશન કાર્યવાહીમાં સભ્ય સંખ્યા ચકાસણી પત્રક ભરવામાં આવેલ છે. જેમાં સંસ્થામાં કામ કરતા કામદારોની સંખ્યા–૧૨૮ અને અસરકર્તા કામદારોની સંખ્યા–૭૫ દર્શાવેલ છે અને આ પત્રકમાં સભ્ય સંખ્યા બતાવનાર તથા ચકાસણી કરનારની સહીઓ છે. પ્રથમ પક્ષકાર તરફે હોસ્પિટલમાં ૧૦૦ થી ઓછા કામદારો કામ કરતા હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી હાલનો રેફરન્સ ઔદ્યોગિક અદાલતમાં ચાલવા પાત્ર ન હોવાની પ્રથમ પક્ષકાર તરફેની તકરાર ટકતી નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દર વર્ષે કરોડો રૂપિયાની આવક કરી કરોડો રૂપિયાનો નફો કરતી સંસ્થા છે. હિસાબી ચાપડાઓમાં ખોટી એન્ટ્રીઓ પાડી ખોટ દર્શાવવામાં આવે છે. સંબંધિત કામદારોને વર્ષ ૨૦૦૪ થી વર્ષ ૨૦૧૧ સુધીના ૭ વર્ષનું બોનસ ચુકવવામાં આવેલ નથી. બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨(૫) મુજબ જે સંસ્થા નફો કરતી હોય તેને બોનસ એકટમાંથી મુકિત મળતી નથી. સંસ્થા નફાના ઉદ્દેશથી સ્થપાયેલ ન હોય તો જ બોનસ એકટમાંથી મુકિત મળી શકે. પ્રથમ પક્ષકાર સંસ્થા નફો કરે છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાને બોનસ એકટ લાગુ પડે છે. આંક–૪૭ વાળો દસ્તાવેજી પુરાવો જોતાં, સંસ્થાએ નોન ગ્રાન્ટેડ મહેકમને બોનસ ચુકવેલ છે. જેથી સંસ્થા નફો કરતી હોવાથી ચુકવેલ હોવાનું પુરવાર થાય છે અને તેથી સંબંધિત કામદારોને પણ બોનસ ચુકવવા સંસ્થા જવાબદાર છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૫૮ થી તપાસવામાં આવેલ સાહેદ તેઓની ઉલટ તપાસમાં દર્દીઓ પાસેથી રકમ વસુલ લેવામાં આવતી હોવાનું તેમજ હોસ્પિટલમાં ડીલક્ષ રૂમ, સ્પેશ્યલ રૂમ અને જનરલ વોર્ડની વ્યવસ્થા હોવાનું અને તે મુજબનો ચાર્જ લેવામાં આવતો હોવાનું કબુલ કરે છે. જેથી હોસ્પિટલનો ઉદ્દેશ નફો

મેળવવાનો હોવાનું પુરવાર થાય છે. પ્રથમ પક્ષકાર રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોતાં, સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે નોંધાયેલ નથી એટલે કે નોંધણીના દાખલામાં " ચેરીટેબલ " શબ્દ નથી. બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવા રજુ કરવા દાખલ કરેલ અરજી અન્વયેના હુકમ મુજબના દસ્તાવેજી પુરાવા પ્રથમ પક્ષકારે રજુ કરેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર સામે વિરૂધ્ધનું અનુમાન કરવા પાત્ર છે. બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ આંક—૪૬ થી ૫૧ વાળા દસ્તાવેજી પુરાવા તથા આંક—૫૯ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ અનુક્રમ નં.૧ થી ૨૩ વાળા દસ્તાવેજી પુરાવા ઉપરથી પ્રથમ પક્ષકાર સંસ્થાને બોનસ ચુકવણી અધિનિયમ લાગુ પડતો હોવાનું અને તેથી બોનસ ચુકવણી અધિનિયમના ભંગ બદલ ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. આ તમામ હકીકતો તથા રેકર્ડ પરનો પુરાવો જોતાં, રેફરન્સ મંજુર કરવા પાત્ર છે.

(૭) પ્રથમ પક્ષકાર તરફે આંક—૭૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમજ મૌખિક દલીલો પણ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની મુખ્યત્વે દલીલ એવી છે કે, વેતનની વ્યાખ્યામાં બોનસનો સમાવેશ નથી. જેથી બોનસ માટે રેફરન્સ કરવાની શ્રમ આયુકતની સત્તા ન હોઈ રેફરન્સ રદ બાતલ છે. હાલનો વિવાદ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ—૨(કે) મુજબ ઔદ્યોગિક વિવાદ નથી. સંસ્થામાં ૧૦૦ કરતા ઓછા કામદારો હોય તો તેવી સંસ્થાનો વિવાદ સાંભળવા લેબર કોર્ટને સત્તા રહેલી છે. પ્રથમ પક્ષકાર તરફેના સાહેદની આંક—૫૮ હેઠળની બીજા પક્ષકાર તરફેની ઉલટ તપાસમાં ૮૦ થી ૯૦ કામદારો હોવાનું જણાવેલ છે. શ્રમ આયુકતે કામદારોની સભ્ય સંખ્યાની ચકાસણી કરવી જોઈતી હતી. તેઓએ હોસ્પિટલ પાસે તે સંબંધી માહિતી માંગેલ નથી. જેથી હાલનો રેફરન્સ ઔદ્યોગિક અદાલતમાં ચાલવા પાત્ર નથી. હાલનું યુનિયન માત્ર ટેક્ષટાઈલ માટે રજીસ્ટર્ડ થયેલ છે હોસ્પિટલ માટે નથી. જેથી આ યુનિયન હાલનો રેફરન્સ ઉપસ્થિત કરી શકે નહી કે પ્રતિનિધિત્વ કરી શકે નહી. બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ જવાબમાં સંબંધિત કામદારો આ યુનિયનના સભ્યો છે કે કેમ ? તે અંગેનો પુરાવો માંગેલ પરંતુ બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નથી. સંબંધિત કામદારો આ યુનિયનના સભ્યો જ નથી. જેથી હાલનો રેફરન્સ કરાવવા આ યુનિયનને અધિકાર નથી. સંજીવની હોસ્પિટલ, સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ધ્વારા ચલાવવામાં આવે છે. આ હોસ્પિટલ નહી નફો નહી નુકશાનના ધોરણે મેડીકલ સારવાર આપે છે. પ્રથમ

પક્ષકાર હોસ્પિટલ નફો કરવાના હેતુથી સ્થપાયેલ નથી અને નફો કરતી નથી. જેથી બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨(૫) મુજબ સંજીવની હોસ્પિટલને બોનસ ચુકવણી અધિનિયમ લાગુ પડતો નથી. આ સંજોગોમાં સંજીવની હોસ્પિટલ બોનસ ચુકવવા જવાબદાર નથી. પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી નફો નહી કમાવાના હેતુથી હોસ્પિટલની સ્થાપના કરવામાં આવેલ હોવાનું તેમજ આ હોસ્પિટલ નફો નહી કમાતી હોવાનું અને ખોટ કરતી હોવાનું પુરવાર થાય છે. આ તમામ હકીકતો તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં, રેફરન્સ રદ થવા પાત્ર છે.

(૮) પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો તથા રેકર્ડ ધ્યાને લેતાં, હાલના રેફરન્સના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

::– મુ દ્દા –::

મુદ્દા નં.(૧) શું સંસ્થામાં કામ કરતા કામદારોને સને–૨૦૦૪ થી ૨૦૧૧ ના કુલ–૭ વર્ષના બોનસના નાણાં વ્યાજ સાથે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

મુદ્દા નં.(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) નકારમાં.

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

(૯) કારણો: મુદ્દા નં.(૧)

(૯.૧) આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૩૦ થી રજુ થયેલ મુકેશભાઈ ખુશાલભાઈ મિસ્ત્રીની સરતપાસનું સોગંદનામું વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલ ઉદ્યોગ હોવાનું અને નફો કરતી આવેલ હોવાનું તેમજ હોસ્પિટલમાં આવેલ સ્પેશ્યલ રૂમ તથા એ.સી.રૂમોનું મોટા પ્રમાણમાં ભાડુ આવતું હોવાનું તેમજ દર્દીઓના દવા, સારવાર, ઓપરેશન વિગેરેનો મોટો ચાર્જ વસુલ કરવામાં આવતો હોવાનું તેમજ પ્રથમ પક્ષકાર હોસ્પિટલનો પોતાનો મેડીકલ સ્ટોર આવેલ

હોવાનું અને મેડીકલના સાધનો વેચીને પણ મોટો નફો કરવામાં આવતો હોવાનું તેમજ દર માસે સને–૨૦૦૪ થી સને–૨૦૧૧ ના સમયગાળામાં ૫૦ થી ૬૦ લાખ રૂપિયાની આવક ઉપર ૫૦% ઉપરાંતનો નફો થતો હોવાનું અને તે રીતે પ્રથમ પક્ષકાર હોસ્પિટલ વાર્ષિક કરોડો રૂપિયાનો નફો કરતી આવેલ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત આવક–જાવકના બે ચોપડા બનાવી ઓડીટ કરાવવામાં આવતું હોવાનું અને તેમાં ખોટી એન્ટ્રીઓ પાડી નુકશાની બતાવી હોસ્પિટલ ખોટમાં ચાલતી હોવાનું બતાવવામાં આવતું હોવાનું જણાવેલ છે. આ સાહેદની પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, ઓડીટ રીપોર્ટમાં ખર્ચ અને હિસાબી ચોપડાનો તેઓએ અભ્યાસ કરેલ ન હોવાનું તેમજ હિસાબી ચોપડાઓમાં શું સાચુ છે કે ખોટુ છે તે તેઓ કહી શકે નહી તેવી હકીકત કબુલ કરેલ છે. આમ, તેઓએ પ્રથમ પક્ષકાર હોસ્પિટલના હિસાબી ચોપડાઓનો અભ્યાસ કરેલ નથી કે તેમાં શું સાચુ કે શું ખોટુ તે તેઓ કહી શકે તેમ નથી ત્યારે પ્રથમ પક્ષકાર હોસ્પિટલની આવક–જાવકના બે ચોપડા બનાવી ઓડીટ કરાવવામાં આવતું હોવાની અને હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રીઓ પાડી નુકશાની બતાવવામાં આવતી હોવાની હકીકત તારવી શકવા તેઓ સક્ષમ નથી. આ સંજોગોમાં આ સાહેદની તેવી હકીકતો ગ્રાહય રાખવા પાત્ર નથી. આ ઉપરાંત, આ સાહેદની પ્રથમ પક્ષકાર તરફેની ઉલટ તપાસ વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં મેડીકલ, સર્જીકલ, ઓર્થોપેડીક, ગાયનેક, આંખ વિભાગ, કાર્ડીયાક વિભાગ વિગેરેની સારવાર આપવામાં આવતી હોવાનું તેમજ અંદરના દર્દી તરીકે અને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવતી હોવાનું કબુલ કરેલ છે તેમજ હોસ્પિટલમાં એક્ષ–રે, એમઆરાઈ, સીટીસ્કેન વિગેરે સવલતો ઉપલબ્ધ હોવાનું કબુલ કરેલ છે. આમ, ઉલટ તપાસની આ હકીકતો ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં તે મુજબની સારવાર તથા સવલત આપવામાં આવતી હોવાનું સ્પષ્ટ થાય છે. આ સાહેદની પ્રથમ પક્ષકાર તરફેની ઉલટ તપાસ વંચાણે લેતાં, સીટીસ્કેન અથવા બીજા રીપોર્ટ જો બહાર કરાવવા જઈએ તો કેટલા પૈસા થાય છે તેની તેઓને ખબર ન હોવાનું તેમજ બહાર કેટલો ચાર્જ થાય છે અને તેઓની હોસ્પિટલમાં કેટલો ખર્ચ થાય છે તેનો પુરાવો આ કામે રજુ કરેલ ન હોવાનું કબુલ કરેલ છે તેમજ સર્જીકલ વિભાગમાં તેઓની હોસ્પિટલમાં કેટલો ચાર્જ લેવામાં આવે છે તે તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, ઉલટ તપાસની આ હકીકતો ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં ઉપર જણાવ્યા મુજબની સારવાર અને સવલતો અંગે બહારની હોસ્પિટલમાં કેટલો ખર્ચ થાય તેમજ હોસ્પિટલ

બહાર સીટીસ્કેન અથવા અન્ય રીપોર્ટ કરાવવાનો કેટલો ખર્ચ થાય તે અંગેની આ સાહેદને કોઈ જ જાણકારી નથી કે તે સંબંધી કોઈ પુરાવા રજુ કરેલા નથી. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર હોસ્પિટલ ધ્વારા દર્દીઓના દવા, સારવાર, ઓપરેશન વિગેરેનો મોટો ચાર્જ વસુલ કરવામાં આવતો હોવાનું અને તે રીતે હોસ્પિટલ મોટો નફો કરતી હોવાનું આ સાહેદનું કથન ગ્રાહય રાખવા પાત્ર નથી. આ ઉપરાંત, પ્રથમ પક્ષકાર તરફેની ઉલટ તપાસ વંચાણે લેતાં, મેડીકલના હિસાબી દફતરો તેઓએ જોયેલા ન હોવાનું જણાવેલ છે. જેથી પ્રથમ પક્ષકાર હોસ્પિટલ પોતાના મેડીકલ સ્ટોરમાંથી મેડીકલના સાધનો વેચીને પણ મોટો નફો કરતી હોવાનું આ સાહેદનું કથન ગ્રાહય રાખવા પાત્ર નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલ આ સાહેદની સરતપાસમાં જણાવ્યા મુજબ મોટો નફો કમાતી હોવાનું અને પ્રથમ પક્ષકાર હોસ્પિટલ વાર્ષિક કરોડો રૂપિયાનો નફો કરતી આવેલ હોવાનું તેમજ આવક–જાવકના બે ચોપડા બનાવી ઓડીટ કરાવવામાં આવતું હોવાનું અને તેમાં ખોટી એન્ટ્રીઓ પાડી નુકસાની બતાવી હોસ્પિટલ ખોટમાં ચાલતી હોવાનું બતાવવામાં આવતું હોવાનું ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૯.૨) પ્રથમ પક્ષકાર તરફે આંક–૫૮ થી રજુ થયેલ દેવાંગ ગુણવંતભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું વંચાણે લેતાં, તેઓ સંજીવની હોસ્પિટલમાં છેલ્લા ૧૨ વર્ષથી વહીવટી વિભાગમાં ફરજ બજાવતા હોવાનું તેમજ સંજીવની હોસ્પિટલ સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચલાવતુ હોવાનું તેમજ સંજીવની આરોગ્ય ટ્રસ્ટ નહી નફો નહી નુકશાનના ધોરણે અને નફો નહી મેળવવાના અને લોકોની સેવા કરવાના ઉમદા હેતુથી વૈદિક સારવાર આપવાની કાર્યવાહી કરતું હોવાનું તેમજ બોનસ એકટની કલમ–૩૨(૫) મુજબ ચેરીટેબલ ટ્રસ્ટ તથા હોસ્પિટલને મુકિત આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકાર હોસ્પિટલ તરફે આંક–૧૪ થી રજુ થયેલ લેખિત જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થા સંજીવની હોસ્પિટલ એ સંજીવની આરોગ્ય ટ્રસ્ટ, ચલથાણના નેજા હેઠળ આરોગ્ય માટેની સેવાઓ તથા વેલફેર માટેની સેવાઓ આપતી હોવાથી બોનસ એકટ લાગુ પાડી શકાતો ન હોવાની તકરાર લેવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર તરફેની આ તકરાર સંબંધે બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨,૩૨(૫)(સી) ધ્યાને લેવી જરૂરી છે.

Sec.32 :- Act not apply to certain classes of employees. -
Nothing in this Act shall apply to ---

(i) ....
(ii) ....
(iii) ....
(iv) ....
(v) employees employed by---
(a) ....
(b) ....
(c) instiutions (including hospitals, chambers of commerce and social welfare institutions) established not for purposes of profit ;

બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨(૫)(સી) ની જોગવાઈ ધ્યાને લેતાં, જે હોસ્પિટલની સ્થાપના નફાના હેતુ માટે કરવામાં આવેલ ન હોય તેને બોનસ ચુકવણી અધિનિયમ લાગુ પડતો નથી. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૪ થી રજુ થયેલ તા.૧૯/૦૯/૧૯૮૦ ના રોજનો નોંધણીનો દાખલો વંચાણે લેતાં, મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમ અન્વયે સંજીવની આરોગ્ય ટ્રસ્ટ, ચલથાણ, તા.પલસાણા, જી.સુરત નોંધણી નં.એફ–૩૧૦–સુરતથી નોંધાયેલ હોવાનું પુરવાર થાય છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૫ થી રજુ થયેલ તા.૧૯/૦૯/૧૯૮૦ ના રોજનો નોંધણીનો દાખલો વંચાણે લેતાં, મંડળીઓની નોંધણી બાબતના અધિનિયમ અન્વયે સંજીવની આરોગ્ય ટ્રસ્ટ, ચલથાણ, તા.પલસાણા, જી.સુરત નોંધણી નં.ગુજરાત–૩૯૪–સુરતથી નોંધાયેલ હોવાનું પુરવાર થાય છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૧ થી રજુ થયેલ સંજીવની આરોગ્ય ટ્રસ્ટની મેમોરેન્ડમ ઓફ એસોસીએશન વંચાણે લેતાં, જાહેર જનતાની તંદુરસ્તીના વિકાસ અને જાળવણી માટે ગરીબ અને જરૂરીયાતમંદને મફત અથવા ઓછા દરે સારવાર આપવા તથા સમૃધ્ધ વ્યકિતઓ પાસેથી ફી વસુલીને સારવાર આપવાના હેતુસર સંજીવની હોસ્પિટલની સ્થાપના કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૫૮ થી દેવાંગ ગુણવંતભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જેઓની બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, સંજીવની હોસ્પિટલમાં આવનાર દર્દીએ નિયત રકમ કાઉન્ટર ઉપર જમા કરાવવાની રહેતી હોવાનું તેમજ જે તે ડોકટરની ફી પણ કાઉન્ટર ઉપર જમા કરાવવાની રહેતી હોવાનું તેમજ અંદરના દર્દીનો ચાર્જ લેવામાં આવતો હોવાનું તેમજ દર્દી જેટલા દિવસ હોસ્પિટલમાં રોકાય તેટલા દિવસનો રોકાણનો ચાર્જ લેવામાં આવતો હોવાનું કબુલ કરેલ છે. આંક–૬૧ વાળા મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં દર્શાવ્યા મુજબ જાહેર જનતાની તંદુરસ્તીના વિકાસ અને જાળવણી માટે ગરીબ અને જરૂરીયાતમંદને મફત અથવા ઓછા દરે સારવાર આપવા તથા સમૃધ્ધ વ્યકિતઓ પાસેથી ફી વસુલીને સારવાર આપવાના હેતુસર

સંજીવની હોસ્પિટલની સ્થાપના કરવામાં આવેલ છે. આંક–૫૮ ની ઉપર જણાવ્યા મુજબની ઉલટ તપાસની હકીકતો ઉપરથી તમામ દર્દીઓ પાસેથી નફો નહી કમાવવાના હેતુસર સ્થપાયેલ હોસ્પિટલો સિવાયની હોસ્પિટલોમાં દરેક દર્દીઓ પાસેથી વસુલ કરવામાં આવતી સારવાર તથા અન્ય ફી વસુલ કરવામાં આવતી હોવાનું પુરવાર થતુ નથી. આ સંજોગોમાં આંક–૫૮ ની ઉલટ તપાસની ઉપરોકત હકીકતો ઉપરથી આંક–૬૧ વાળા મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં દર્શાવ્યા મુજબ સારવાર ફી વિગેરે વસુલવામાં આવતી હોવાનું માનવાને કારણ રહે છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૭ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ–૨૦૦૮, વર્ષ–૨૦૦૯, વર્ષ–૨૦૧૦ ના આવક–જાવક અંગેના ઓડીટ થયેલ હિસાબોની ખરી નકલની ઝેરોક્ષ નકલો રજુ કરવામાં આવેલ છે. જે એન.એન.કાબ્રાવાલા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ધ્વારા ઓડીટ કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે વંચાણે લેતાં, તા.૩૧/૦૩/૨૦૦૮ ના રોજની સ્થિતિએ આવક કરતા વધુ ખર્ચ રૂા.૮૬,૪૦,૮૭૪/– હોવાનું દર્શાવેલ છે તેમજ તા.૩૧/૦૩/૨૦૦૯ ના રોજની સ્થિતિએ આવક કરતા વધુ ખર્ચ રૂા.૬૬,૩૩,૨૧૧/– હોવાનું દર્શાવેલ છે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૦ ના રોજની સ્થિતિએ આવક કરતા વધુ ખર્ચ રૂા.૯૨,૯૬,૮૯૯/– હોવાનું દર્શાવેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૯ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૦૪–૦૫ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ તથા આંક–૭૦ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૦૫–૦૬ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ તથા આંક–૭૧ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૦૬–૦૭ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ તથા આંક–૭૨ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૦૮–૦૯ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ તથા આંક–૭૩ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૦૯–૧૦ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ તથા આંક–૭૪ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલના વર્ષ ૨૦૧૦–૧૧ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબોની છપાવવામાં આવેલ બુકલેટ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, વર્ષ ૨૦૦૪–૦૫ માં આવક કરતા વધુ ખર્ચ રૂા.૧,૦૯,૯૧,૨૩૦–૬૭ તથા વર્ષ ૨૦૦૫–૦૬ માં આવક કરતા વધુ ખર્ચ રૂા.૭૨,૦૭,૭૦૪–૬૦ તથા વર્ષ ૨૦૦૬–૦૭ માં આવક કરતા વધુ ખર્ચ રૂા.૩૨,૦૯,૦૪૫–૦૦ તથા વર્ષ ૨૦૦૮–૦૯ માં આવક કરતા વધુ ખર્ચ રૂા.૬૬,૩૩,૨૧૧–૦૦ તથા વર્ષ ૨૦૦૯–૧૦ માં આવક કરતા વધુ ખર્ચ

રૂા.૯૨,૯૬,૮૯૯–૦૦ તથા વર્ષ ૨૦૧૦–૧૧ માં આવક કરતા વધુ ખર્ચ રૂા.૧,૦૫,૩૯,૭૩૮–૦૦ દર્શાવેલ છે. આમ, ઉપરોકત તમામ પુરાવો ઘ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલની સ્થાપના નફો નહી મેળવવાના હેતુથી કરવામાં આવેલ હોવાનું અને નફો નહી કમાતી હોવાનું પુરવાર થાય છે. જેથી બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨(૫)(સી) ની જોગવાઈ મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલને બોનસ ચુકવણી અધિનિયમ લાગુ પડતો નથી.

બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ ૨૦૧૮ એલએલઆર ૨૮૫ (દિલ્હી) બત્રા હોસ્પિટલ એમ્પ્લોઈઝ યુનિયન વિરૂઘ્ધ બત્રા હોસ્પિટલ એન્ડ મેડીકલ રીસર્ચના કેસનો ચુકાદો વંચાણે લેતાં, સંસ્થા નફો કરવાના હેતુ માટે સ્થપાયેલ નથી/સંસ્થાનો હેતુ નફો કમાવાનો નથી તેવું માત્ર સંસ્થાના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન ઉપરથી નકકી કરવાનું નથી. હોસ્પિટલ નફો કમાઈ છે અથવા તેવી કમાણીના ઈરાદા અથવા અપેક્ષા વગર કામ કરે છે તે જોવાનું છે તેમ ઠરાવેલ છે તેમજ હોસ્પિટલનું પાકુ સરવૈયુ મોટો નફો દર્શાવતું હોવાથી ટ્રીબ્યુનલનો ચુકાદો રદ કરી હોસ્પિટલ બોનસ ચુકવણી ધારા હેઠળ આવતી હોવાનું અને બોનસ ચુકવણી ધારાની કલમ–૩૨(૫)(સી) નો લાભ મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવેલ છે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલની સ્થાપના નફો નહી મેળવવાના હેતુથી કરવામાં આવેલ હોવાનું અને નફો નહી કમાતી હોવાનું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન તથા હિસાબો ઉપરથી પુરવાર થયેલ છે. જેથી ઉપરોકત ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ બનતો નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલ બોનસ ચુકવણી ધારાની કલમ–૩૨(૫)(સી) નો લાભ મેળવવા હકકદાર હોવાનું અને પ્રથમ પક્ષકાર હોસ્પિટલને સદર કાયદો લાગુ પડતો ન હોવાનું પુરવાર થાય છે.

(૯.૩) બીજા પક્ષકાર તરફે આંક–૪૩ થી નિવૃત્ત આસી.લેબર કમીશ્નર શ્રી એસ.જી. નાયકને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૪૪ થી ૫૧ વાળા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે અને તેઓની જુબાનીમાં આ દસ્તાવેજી પુરાવા સંબંધી હકીકતો જણાવેલ છે. આંક–૪૬ થી રજુ થયેલ બોનસ ચુકવણી અધિનિયમ હેઠળ પ્રથમ પક્ષકાર હોસ્પિટલની કરવામાં આવેલ તપાસ નોંધની ઝેરોક્ષ વંચાણે લેતાં, તપાસ સમયે વર્ષ ૨૦૦૭ થી વર્ષ ૨૦૧૦ ના બોનસ પત્રકો તથા સરવૈયાની નકલ રજુ કરવામાં આવેલ ન હોવાની નોંધ કરવામાં આવેલ છે.

આંક–૪૭ થી રજુ થયેલ પ્રથમ પક્ષકાર હોસ્પિટલના મેડીકલ ડાયરેકટરના તા.૧૭/૦૩/૨૦૧૧ ના રોજના શ્રમ અધિકારી સમક્ષના નિવેદન તથા લેબોરેટરી ટેસ્ટ તથા મુખ્ય ટેસ્ટના ચાર્જીસની ઝેરોક્ષ નકલ વંચાણે લેતાં, વર્ષ ૨૦૦૮–૨૦૦૯ નું ૧૦% લેખે રૂા.૧,૬૫,૩૬૪/– ચેક નં.૦૬૬૧૩૪ થી નોન ગ્રાન્ટેડ મહેકમને ચુકવેલ હોવાનું તથા વર્ષ ૨૦૦૭–૨૦૦૮ નું બોનસ ૮.૩૩% લેખે રૂા.૧,૭૭,૬૬૫/– ચેક નં.૦૫૫૬૩૫ થી નોન ગ્રાન્ટેડ મહેકમને ચુકવેલ હોવાનું જણાવેલ છે અને વર્ષ ૨૦૦૯–૧૦ નું બોનસ નોન ગ્રાન્ટેડ કર્મચારીઓને ચુકવેલ ન હોવાનું જણાવેલ છે. આંક–૪૮ થી રજુ થયેલ શ્રમ અધિકારીએ સુરત, લેબર યુનિયનને લખેલ પત્રની ઝેરોક્ષ વંચાણે લેતાં, બોનસ ચુકવવામાં આવેલ ન હોય તો ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળ સીધી વસુલાત અરજી કરવા સલાહ આપવામાં આવેલ છે. આંક–૪૯ થી રજુ થયેલ શ્રમ અધિકારીશ્રીએ પ્રથમ પક્ષકાર હોસ્પિટલના પ્રમુખ શ્રી અશોકભાઈ અમાઈદાસ પટેલને લખેલ પત્રની ઝેરોક્ષ વંચાણે લેતાં, બોનસ અધિનિયમ હેઠળ અને તે હેઠળના નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવા અંગે વડી કચેરીને દરખાસ્ત મોકલવામાં આવેલ હોવાની જાણ કરવામાં આવેલ છે. આંક–૫૦ થી રજુ થયેલ ફરિયાદ દાખલ કરવા મંજુરી આપતા પત્રની ઝેરોક્ષ વંચાણે લેતાં, જવાબદારો સામે બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૨૮ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હાની ફરિયાદ દાખલ કરવા શ્રમ અધિકારી સુરતને સત્તા આપવામાં આવેલ છે. આંક–૫૧ થી રજુ થયેલ ફોજદારી કેસ નં.૨૬૮૧/૨૦૧૧ ની ફરિયાદની ઝેરોક્ષ નકલ વંચાણે લેતાં, શ્રમ અધિકારી સુરત ધ્વારા બોનસ ચુકવણી અધિનિયમ હેઠળ પ્રથમ પક્ષકાર હોસ્પિટલ તથા તેના પ્રમુખ અશોકભાઈ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, બીજા પક્ષકાર તરફે નિ.૫૨/૧ થી પ્રથમ પક્ષકાર હોસ્પિટલ વિરૂધ્ધ શ્રમ અધિકારીશ્રીએ મજુર અદાલત સમક્ષ દાખલ કરેલ ફોજદારી કેસ નં.૭૨૬/૨૦૨૩ ની ફરિયાદની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલ તથા તેના ચેરમેન અને સેક્રેટરી વિરૂધ્ધ બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૨૮ મુજબના ગુન્હા અંગેની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નિ.૫૯/૧ થી નિ.૫૯/૨૩ વાળા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં, ફોજદારી કેસ નં.૭૨૬/૨૦૨૩ ના કામે સદર કામના આરોપીઓ વિરૂધ્ધ કાઢવામાં આવેલ સમન્સ, વોરંટ તથા લેવામાં આવેલ જામીન અંગેના જામીન ખત તથા આરોપીઓની રેકર્ડ કરવામાં આવેલ પ્લી વિગેરે દસ્તાવેજો છે. બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર

હોસ્પિટલ તથા તેના હોદ્દેદારો વિરૂઘ્ધ બોનસ ચુકવણી અધિનિયમ હેઠળ ફોજદારી ફરિયાદો દાખલ કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. આ ફોજદારી કાર્યવાહી આ કામના પ્રથમ પક્ષકારને બોનસ ચુકવણી અધિનિયમ લાગુ પડે છે કે કેમ ? તેમજ પ્રથમ પક્ષકાર હોસ્પિટલને બોનસ ચુકવણી અધિનિયમની કલમ–૩૨(૫)(સી) નો લાભ મળવાપાત્ર છે કે કેમ ? તે અંગેની નિર્ણાયક સાબિતી નથી. આ કામે પેરા–૯.૨ માં વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલ બોનસ ચુકવણી ધારાની કલમ–૩૨(૫)(સી) નો લાભ મેળવવા હકકદાર હોવાનું અને પ્રથમ પક્ષકાર હોસ્પિટલને સદર કાયદો લાગુ પડતો ન હોવાનું પુરવાર થયેલ છે. બીજા પક્ષકાર તરફે નિ.૫૯/૨૪ થી પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ (આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ ના કામે આંક–૬૮ થી રજુ થયેલ દેવાંગ ગુણવંતભાઈ પટેલના સરતપાસના સોગંદનામાં તથા તે હેઠળની ઉલટ તપાસની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવેલ છે અને આ સાહેદે હાલના કામે ઉલટ તપાસમાં જણાવેલ હકીકતો અને રેફ.(આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ ના કામે ઉલટ તપાસમાં જણાવેલ હકીકતોમાં વિરોધાભાસ હોવાનું જણાવેલ છે. પરંતુ બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંત મુજબ હાલના વિવાદનો નિર્ણય દસ્તાવેજી પુરાવા ઉપર આધારિત છે અને આગળ ચર્ચા કર્યા મુજબ તે આધારે નિર્ણય થયેલ છે. જેથી બીજા પક્ષકાર તરફેની મૌખિક પુરાવામાં વિરોધાભાસ અંગેની તકરાર ટકવા પાત્ર નથી. બીજા પક્ષકાર તરફે નિ.૭૭/૧ થી રેફરન્સ (આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ ના કામે આ કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૭૩ થી રજુ થયેલ સોમાભાઈ ઉર્ફે બંકીમચંદ્ર રાવલના સરતપાસના સોગંદનામાં તથા તે હેઠળની ઉલટ તપાસની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર સાહેદની આ કામના પ્રથમ પક્ષકાર તરફે આ કામે જુબાની રજુ કરવામાં આવેલ નથી. જેથી રેફરન્સ (આઈ.ટી.) નં.૨૨/૨૦૦૫ ના કામની સદર સાહેદની જુબાનીનું આ કામે મુલ્યાંકન કરી શકાય નહી.

(૯.૪) ઔદ્યોગિક વિવાદ ધારાની વેતનની વ્યાખ્યામાં બોનસનો સમાવેશ થતો નથી અને તેથી બોનસ માટે રેફરન્સ કરવાની શ્રમ આયુકતને સત્તા ન હોવાની પ્રથમ પક્ષકાર તરફે તકરાર લેવામાં આવેલ છે. પરંતુ ઔદ્યોગિક વિવાદ ધારાની વેતનની વ્યાખ્યામાં બોનસનો સમાવેશ કરવામાં આવેલો છે. જેથી તે અંગેની તકરાર ટકવા પાત્ર નથી. આ ઉપરાંત, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં ૧૦૦ કરતાં ઓછા કામદારો કામ કરે છે અને તેથી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૧)(સી) ના પ્રોવાઈઝો મુજબ ૧૦૦ કરતાં ઓછા કામદારો હોય તો લેબર

કોર્ટને રેફરન્સ થઈ શકે અને તેથી હાલનો રેફરન્સ ઔદ્યોગિક અદાલતમાં ચાલવા પાત્ર ન હોવાની પ્રથમ પક્ષકાર તરફે તકરાર લેવામાં આવેલ છે. જે સામે બીજા પક્ષકાર તરફે કન્સીલીએશન કાર્યવાહી વખતે પ્રથમ પક્ષકાર હોસ્પિટલની સભ્ય સંખ્યા ચકાસણી પત્રક રજુ કરવામાં આવેલ હોવાનું અને તેમાં સંસ્થામાં કામ કરતા કામદારોની સંખ્યા ૧૨૮ અને અસરકર્તા કામદારોની સંખ્યા ૭૫ દર્શાવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આ કામે રેફરન્સ સાથે રજુ થયેલ કન્સીલીએશનની કાર્યવાહીના કાગળો ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં કામ કરતા કામદારોની સભ્ય સંખ્યા ચકાસણી કર્યાનું પત્રક રજુ છે. જેમાં પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં કામ કરતા શ્રમયોગીઓની સંખ્યા ૧૨૮ અને અસરકર્તા શ્રમયોગીઓની સંખ્યા ૭૫ દર્શાવેલ છે. આ પત્રકમાં સભ્ય સંખ્યા બતાવનારની સહી તથા સભ્ય સંખ્યા ચકાસણી કરનારની સહીઓ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૫૮ થી રજુ થયેલ દેવાંગ ગુણવંતભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં કામદારોની સંખ્યા ૧૦૦ કરતા ઓછી હોવા અંગેની હકીકત જણાવેલ નથી. આ સાહેદની બીજા પક્ષકાર તરફેની ઉલટ તપાસમાં ૧૦૦ થી વધુ કામદારો કામ કરતા હોવાની હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ છે અને ૮૦ થી ૯૦ કામદારો કામ કરતા હોવાનું જણાવેલ છે. પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં ૧૦૦ કરતા ઓછા કામદારો કામ કરતા હોવાની પ્રથમ પક્ષકારની તકરાર છે. જેથી તે હકીકત પુરવાર કરવાનો બોજો પ્રથમ પક્ષકાર પર છે. પ્રથમ પક્ષકાર તરફે હોસ્પિટલમાં ૧૦૦ થી ઓછા કામદારો કામ કરતા હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જે દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકાર પાસે હોઈ શકે છે અને તેઓ રજુ કરી શકયા હોત ! તેમ છતાં પ્રથમ પક્ષકાર તરફે આવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો નથી. જેથી સભ્ય સંખ્યા ચકાસણી પત્રકમાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલમાં ૧૨૮ કામદારો કામ કરતા હોવાની હકીકત માનવાને કારણ રહે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૦૦ કરતા ઓછા કામદારો કામ કરતા હોવાની અને તેથી હાલનો રેફરન્સ અત્રની ઔદ્યોગિક અદાલતમાં ચાલવા પાત્ર ન હોવાની પ્રથમ પક્ષકાર તરફેની તકરાર ટકવા પાત્ર નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકાર હોસ્પિટલ બોનસ ચુકવણી ધારાની કલમ–૩૨(૫)(સી) નો લાભ મેળવવા હકકદાર હોવાનું અને પ્રથમ પક્ષકાર હોસ્પિટલને સદર

કાયદો લાગુ પડતો ન હોવાનું પુરવાર થયેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) આથી રેફરન્સ (આઈ.ટી.) નં.૦૫/૨૦૧૨ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

(જયેશકુમાર શામળદાસ પટેલ)
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ નં.જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)